૧૫માં નાણાંપંચના મુખ્ય અહેવાલ વર્ષ
૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ અંતર્ગત
ગ્રામિણ સ્થાનિક સંસ્થાઓના
સશક્તિકરણ (RLB) માટે ગ્રાન્ટની
ફાળવણી અને વપરાશ બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦-૨૦૨૦-૧૪૯૩૫૭-(ત)-બ સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૬/૨૦૨૧.

**વંચાણે લીધા :** (૧) ૧૫ માં નાણાંપંચની વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ની મધ્યસ્થ ભલામણોના પ્રકરણ-૭.

(૨) નાણાં વિભાગનો તા.૨૫/૦૫૨૦૨૧નો પત્ર ક્રમાંક: CFC/XVFC/10/2020/173293/FC.

(૩) ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયના સંયુક્ત સચિવશ્રીનો તા૧૬/૦૨/૨૦૨૧નો અ.સ.પત્ર ક્રમાંકઃM-11015/150/2020/FD.

**ઠરાવ :**

કેન્દ્રીય ૧૫ માં નાણાંપંચનો વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ માટેના પ્રકાશિત થયેલ મુખ્ય અહેવાલના પ્રકરણ-૭ "Empowering Local Bodies" થી Rural Bodies માટે થયેલ ભલામણ અન્વયે ભારત સરકારના ૧૫માં નાણાંપંચના સંદર્ભ (૧) માં દર્શાવ્યા મુજબ ગુજરાત રાજયને એવોર્ડ અવધિ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ (૧), (૨) અને (૩) માં સૂચવ્યા મુજબ ૧૫માં કેન્દ્રિય નાણાપંચ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬માં રાજ્યને મળવાપાત્ર ગ્રાન્ટનાં બે ભાગ પાડેલ છે. ૧૫ માં નાણાંપંચના મુખ્ય અહેવાલ વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ અંતર્ગત ગ્રામિણ સ્થાનિક સંસ્થાઓ માટે ગ્રાન્ટની ફાળવણી અને વપરાશ બાબતોના પ્રકરણ-૭માં જણાવ્યા મુજબ ગ્રાન્ટ ફાળવણી કરવાની રહેશે. ૧) બિન શરતી અનુદાન (બેઝીક ગ્રાન્ટ) (Untied Grant) અને ૨) શરતી અનુદાન (Tied Grant) જે ૪૦:૬૦ % નાં ગુણોત્તરમાં મળવાપાત્ર રહેશે.

૨. બેઝીક ગ્રાન્ટનો વપરાશ પંચાયતી રાજ સંસ્થાઓની જરૂરીયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે, જ્યારે ટાઈડ ગ્રાન્ટનો સંદર્ભ-૧ ના ૧૫ માં નાણાપંચની વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ ની મધ્યસ્થ ભલામણોના પ્રકરણ-૭ માં દર્શાવેલ હેતુ માટે જ ઉપયોગ થઈ શકશે.

3. વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ માં મળનાર બેઝીક (Untied) અને ટાઈડ (Tied) બંને પ્રકારની ગ્રાન્ટનો ઉપયોગ જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયાતો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે કરવાનો રહેશે. કેન્દ્રિય ૧૫મા નાણાપંચની ભલામણોની અમલવારી વર્ષ ૨૦૨૧-૨૨ થી ૫ (પાંચ) વર્ષ સુધી કરવાની રહે છે. આ અમલવારી માટેની વિગતવાર સૂચનાઓ

પંચાયતીરાજ મંત્રાલય/નાણાં મંત્રાલય તરફથી મળનાર માર્ગદર્શક સૂચનાઓ બાદ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવશે. હાલ પુરતું વંચાણે લીધેલ ક્રમઃ(૧) અને ક્રમઃ(૨) અન્વયે નીચે મુજબની જોગવાઈઓ ઠરાવવામાં આવે છે.

(૧) જિલ્લાને મળનાર કુલ ગ્રાન્ટ પૈકી ૭૦% ગ્રાન્ટ ગ્રામ પંચાયતને ફાળવવાની રહેશે. ૨૦% ગ્રાન્ટ તાલુકા પંચાયતને ફાળવવાની રહેશે અને ૧૦% ગ્રાન્ટ જિલ્લા પંચાયતને ફાળવવાની રહેશે.

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના હવાલે મુકેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરીનાં અધિકૃત ગ્રામ્ય વસ્તીના આંકડાઓ અને ગ્રામ્ય વિસ્તારના આધારે ૯૦ : ૧૦ (વસ્તી-વિસ્તાર) મુજબ ફાળવવાની રહેશે.

(૩) જિલા વિકાસ અધિકારીશ્રીના હવાલે મુકવામાં આવેલ કુલ ગ્રાન્ટ પૈકી (૧) ગ્રામ પંચાયતોને ફાળવવાની થતી ૭૦% ગ્રાન્ટ પૈકી ૯૦% જિલ્લાની વખતસર રચાયેલ ગ્રામ પંચાયતોની વર્ષ ૨૦૧૧ની વસ્તીધોરણ મુજબની અધિકૃત ગ્રામ્ય વસ્તીનાં આંકડા અને ૧૦% ગ્રામ્ય વિસ્તારને આધાર લઈ ગ્રામ પંચાયતોને ફાળવવાની રહેશે અને તે જ પ્રમાણે (૨) બાકી રહેતી 30% ગ્રાન્ટ પૈકી અનુક્રમે ૨૦% ગ્રાન્ટ તાલુકા અને ૧૦% ગ્રાન્ટ જિલ્લાને, તાલુકા અને જિલ્લાની વર્ષ ૨૦૧૧ની વસ્તીધોરણ મુજબની ગ્રામ્ય વસ્તીના ૯૦% લેખે અને વિસ્તારને આધારે ૧૦% પ્રમાણે વહેંચણી કરવાની રહેશે.

૪. તદઉપરાંત નીચે મુજબની શરતો/સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. આ યોજના તળે હાથ ધરવાના કામો ગ્રામ પંચાયતોએ ગ્રામસભાની બેઠકમાં રજુ કરી, પસંદગીનો નિર્ણય કરીને કામોની અગ્રતા નક્કી કરીને ઠરાવની બહાલી કરીને તાલુકા વિકાસ અધિકારીની બહાલી મેળવવાની રહેશે. તાલુકા પંચાયતે હાથ ધરવાના કામોની પસંદગીનો નિર્ણય કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની બહાલી મેળવી લેવાની રહેશે. જ્યારે જિલ્લા પંચાયતે હાથ ધરવાના કામો માટે કામોની પસંદગીનો નિર્ણય કરીને તેની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રીને મોકલવાની રહેશે. વિકાસ કમિશ્નરશ્રીએ તેની બહાલી આપવાની રહેશે. જે તે પંચાયતો દ્વારા આયોજન થયેલ કામોમાં સુધારા / ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગે ગ્રામસભાની મંજુરી મેળવી સક્ષમ સત્તાધિકારીની મંજુરી બાદ જ સુધારા મુજબના કામો હાથ ધરી શકાશે.

૨. પંચાયતોને મળનાર ગ્રાન્ટમાંથી થનાર કામોનું એ પ્રમાણે આયોજન કરવાનું રહેશે કે જેથી ગ્રામ પંચાયતના તમામ વિસ્તારોનો સમાવેશ થાય તથા સર્વજ્ઞ વિકાસ થાય અને ગ્રામ પંચાયત સ્વાવલંબી થઈ શકે.

૩. આ કામોના આયોજન અને અમલીકરણ માટે ભારત સરકારનાં પંચાયતી રાજ મંત્રાલય અને ફાઇનાન્સ કમિશન ડીવીઝન અને નાણા મંત્રાલય દ્વારા ઠરાવવામાં આવનાર નિયત કાર્યપધ્ધતિ અનુસાર કરવાની રહેશે.

૪. વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ માટે યોજનાકીય આયોજન કરવાનું રહેશે અને તેને લગત વિગતોની સોફટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

૫. એક જિલ્લાને મંજુર થયેલ અનુદાનનો કોઈ પણ હિસ્સો બીજા જિલ્લાને તબદિલ કરી શકાશે નહિ.

૬. આ અનુદાનનો ઉપયોગ નાગરિક સેવાની પાયાની જરૂરીયાતો માટે કરવાની રહેશે. બિન શરતી અનુદાન (બેઝીક ગ્રાન્ટ) (Untied Grant) ગ્રાન્ટનો ઉપયોગ પંચાયતી રાજ સંસ્થાઓની જરૂરીયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે જ્યારે શરતી અનુદાન (Tied Grant)ટાઈડ ગ્રાન્ટનો ઉપયોગ ૧. સેનિટેશન અને ખુલ્લામાં શૌચ મુક્તિની જાળવણી ૨. પીવાનું પાણી પુરા પાડવા (નળ મારફત), વરસાદી પાણીના સંગ્રહ (Rain Water Harvesting) અને પાણીના શુદ્ધિકરણ (Water Recycling) જેવી પાયાની સેવાઓ લગત કેટગરી માટે કરવાનો રહેશે. બંને કેટેગરી ૧ અને ૨ માટે ટાઈડ ગ્રાન્ટનાં ૫૦ : ૫૦ ટકા ફાળવણી કરવાની રહેશે. જો કોઈ પંચાયતમાં ઉક્ત નિયત ૧ અને ૨ પૈકી કોઈ ૧ કેટેગરી હેઠળ તમામ-સંપૂર્ણ કામો થયેલ હોવાનું જણાય તો જ તે સિવાયની અન્ય કેટેગરી માટે તમામ ટાઈડ ગ્રાન્ટનો તે મુજબના કામો હાથ ધરવા માટે ઉપયોગ કરી શકશે. પંચાયત દ્વારા ઉપલબ્ધ ગ્રાન્ટને અનુલક્ષીને થયેલ કામોના આયોજન પ્રમાણ અનુસાર કામો માટે અનુદાનની ફાળવણી કરવાની રહેશે.

૭. <u>કેન્દ્ર સરકારમાંથી ગ્રાન્ટ મળ્યેથી ૧૦ કાર્યકારી દિવસમાં તબદિલ કરવાની રહેશે</u> અને ગ્રામ-તાલુકા-જિલ્લા પંચાયતના બેંક ખાતામાં જમા કરાવવાની રહેશે.

૮. ભારત સરકાર કે રાજ્ય સરકારની અન્ય યોજના / સાધનોમાંથી જે હેતુ માટે ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા કામો માટે, એ જ હેતુ માટે આ રકમ વાપરી શકાશે નહિ, એટલે કે કોઈ યોજનાનો ખર્ચ બેવડાય નહિ તે જોવાનું રહેશે. તે અંગેનું પ્રમાણપત્ર સંબંધિત અધિકારીએ આપવાનું રહેશે, કામોનું જીઓ ટેગીંગ કરવાનું રહેશે.

૯. આ યોજના તળે નવીન, ટકાઉ અને પાકા કામો કરવાના રહેશે તથા થયેલ કામો લગત તમામ સાહિત્યની પંચાયતી રાજ સંસ્થાએ જાળવણી કરવાની રહેશે તેમજ તૈયાર થયેલ મિલકતોની નોંધણી ગ્રામ પંચાયતના મિલકત રજીસ્ટરમાં નોંધાવવાની રહેશે.

૧૦. જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોએ તેમને ફાળવેલ ગ્રાન્ટનાં હિસાબો અલગથી નિભાવવાના રહેશે અને ભારત સરકારના PRIA SOFT માં તેની નિભાવણી-એન્ટ્રી કરવાની રહેશે. રાજ્યના IFMS સીસ્ટમને કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલનાં PFMS પોર્ટલ સાથે Integrate કરવાનુ રહેશે, જેથી પંચાયતોના હિસાબોનું ઓનલાઈન ઓડીટ થઈ શકે.

૧૧. રાજ્ય સરકારે કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલનું તાંત્રિક માર્ગદર્શન અને સુપરવિઝન મુકેલ હોઈ, પંચાયતોનું ઓડીટ, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી અને કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલ દ્વારા થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૨. કામોના અમલીકરણ દરમિયાન સરકારશ્રીનાં પંચાયત વિભાગને લગત નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કામપૂર્ણતા પ્રમાણપત્ર આપ્યા બાદ જ આખરી ચુકવણું કરવાનું રહેશે.

૧૩. ગ્રામ અને તાલુકા પંચાયતના રૂ.૫.૦૦ લાખથી વધુ રકમના કામોને જિલ્લા મોનીટરીંગ કમિટીમાં રજુ કરી તેની પશ્ચાદવર્તિ અસરથી મંજુરી મેળવવાની રહેશે.

૧૪. આ યોજના હેઠળ થયેલ કામોની મંજુરી, અમલીકરણ, પ્રગતિ અને થયેલ ખર્ચની સમિક્ષા તેમજ અન્ય માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તેમના અધ્યક્ષપણા હેઠળ જિલ્લા મોનીટરીંગ કમિટીની રચના કરવાની રહેશે અને દર માસે યોજનાકીય કામગીરીની સમિક્ષા કરવાની રહેશે.

૧૫. દર ત્રિમાસના અંતે થયેલ ખર્ચનું ઉપયોગીતા પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નિયત નમૂનામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લાનું ઉપયોગીતા પ્રમાણપત્ર વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને રજૂ કરવાનું રહેશે. વિકાસ કમિશ્નરશ્રીએ આ અંગેનું એકત્રિત ઉપયોગીતા પ્રમાણપત્ર (૫) પાંચ નકલમાં રાજ્ય સરકારશ્રીને રજુ કરવાનું રહેશે. પ્રમાણપત્ર સાથે જિલ્લાનું સંકલિત અને જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતની કક્ષાવાર યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ, થયેલ ખર્ચ, ચાલુ, પૂર્ણ, પ્રગતિ હેઠળના કામો સહિતની વિગતોનું પ્રગતિ પત્રક રજુ કરવાનું રહેશે.

૧૬. પંચાયતો દ્વારા સમાવિષ્ટ કરેલ કામો અન્ય યોજનામાં લેવાપાત્ર થતા હોય તો પહેલા તેમાં સમાવિષ્ટ કરવાના રહેશે.

૧૭. આ અનુદાનમાંથી કર્મચારીઓનાં પગાર-ભથ્થા, આકસ્મિક ખર્ચ, સ્ટેશનરી ખર્ચ કે પ્રવાસ ભથ્થા જેવા અન્ય ખર્ચ કરી શકાશે નહિ.

૧૮. આ ગ્રાન્ટની ફાળવણી શિડયુલ ૫ અને ૬ હેઠળના વિસ્તારોને પણ કરવાની હોવાથી આ અંગેનો ખર્ચ નીચે મુજબના બજેટ સદરે કરવાનો રહેશે.

**GENERAL:**

માંગણી ક્રમાંકઃ ૭૦ હેઠળના બજેટ સદર-૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ - ૮૦૦-અન્ય ખર્ચ–૧૧- સીડીપી-૭ કેન્દ્રિય નાણાપંચની ભલામણો અન્વયે પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવાના કેન્દ્રિય સહાયની ચુકવણી (મહેસુલ) (૭૦-૨૫૧૫-૦૦-૮૦૦-૧૧).

**SCSP :**

માગણી ક્રમાંકઃ ૯૫ હેઠળના બજેટ સદર-૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ - ૮૦૦-અન્ય ખર્ચ - ૦૩ - સીડીપી-૭ કેન્દ્રિય નાણાપંચની ભલામણો અન્વયે પંચાયતી રાજ સંસ્થાઓને સંગીનબનાવવાના કેન્દ્રિય સહાયની ચુકવણી (મહેસુલ) (૯૫-૨૫૧૫-૦૦-૮૦૦-૦૩).

**TASP:**

માગણી ક્રમાંકઃ ૯૬ હેઠળના બજેટ સદર-૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ – ૭૯૬-આદિજાતી વિસ્તાર પેટા યોજના - ૧૨ - સીડીપી - ૭ કેન્દ્રિય નાણાપંચની ભલામણો અન્વયે પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવાના કેન્દ્રિય સહાયની ચુકવણી (મહેસુલ) (૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૧૨) ખાતે ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૮/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.એલ.ભગોરા)
નાયબ સચિવ
પંચાયત,ગ્રામ-ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન.વિધાનસભાના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી
- તમામ મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી,
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી,
- માન.વિરોધ પક્ષનાં નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે સંસદસભ્યશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે ધારાસભ્યશ્રીઓ
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સચિવાલયના સર્વે વિભાગો
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી (વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે)
- નાણાકિય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,"બ"-શાખા
- સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઈટ પર મુકવા યોગ્ય કાર્યવાહી અર્થે
- શાખા સિલેકટ ફાઈલ.